# ડીસા જીઆઈડીસીમાં ધોળા દિવસે વેપારી પર ફાયરિંગ

## આર્થિક લેવડ-દેવડના મામલે ફાયરિંગ થયું હોવાનું અનુમાન

ડીસા, તા. ૨૩
બનાસકાંઠામાં ધોળા દિવસે ફાયરિંગની વધુ એક ઘટના બહાર ફેક્ટરીની બહાર જ ત્રણ અજાણ્યા શખ્સોએ એડ્રેસ પૂછવાના બહાને તેમની ગાડી ઉભી રખાવી હતી.જે પર ગોળી વાગતા ઈજાગ્રસ્ત વેપારીને ડીસાની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ



આવતા ખળભળાટ મચી ગયો છે. ડીસાના જીઆઈડીસી વિસ્તારમાં વાસણના વેપારી પર ફાયરિંગ કરી ત્રણ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા છે. ડીસાના જીઆઈડીસી વિસ્તારમાં વાસણની ફેકટરી ધરાવતા સુનિલ બોરદિયા ગતરોજ બપોરે પોતાની ફેક્ટરીમાંથી ઘર તરફ જવા નીકળ્યા હતા ત્યારે વખતે આ વેપારીએ પોતાની ગાડીના કાચ ખોલતા જ એક શખ્સે વેપારી પર ફાયરિંગ કર્યા બાદ આ હુમલાખોર શખ્સો ફરાર થઈ ગયા હતા. આ બનાવની જાણ થતાં આજુબાજુના લોકો અને પોલીસે ઘટના સ્થળે દોડી જઈ ફાયરિંગમાં ઘવાયેલા વેપારીને સારવાર અર્થે ખસેડયા હતા. જમણા પગની જાંઘ સારવાર માટે પાલનપુર ખસેડવાની ફરજ પડી છે.

આ બનાવની જાણ થતાં પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે. આ મામલે હાલમાં પોલીસ કાઈ પણ કહેવાનું ટાળી રહી છે પરંતુ આર્થિક લેવડ દેવડ મામલે આ ફાયરિંગ થયું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# સાબરડેરી કેમ્પસ પોલીસ છાવણીમાં ફેરવાયું

## દૂધ ઉત્પાદકોને ઓછો ભાવ ફેર આપવાના નિર્ણયનો વિરોધ : રવિવારે દૂધ ઉત્પાદકો સાબરડેરી સમક્ષ દેખાવો કરવાના છે

હિંમતનગર, તા. ૨૩
સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોને આ વર્ષે દૂધનો ઓછો ભાવ ફેર ચૂકવવાનો નિર્ણય સાબરડેરીના નિયામક મંડળ દ્વારા કરાયા બાદ કેટલાક તત્વોએ દૂધ ઉત્પાદકોને ગુમરાહ કરવાના આશયથી રવિવારે સાબરડેરી સમક્ષ દેખાવો કરવાનો વિડીયો વાયરલ કર્યા બાદ તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. દરમ્યાન શુક્રવારે સાબરડેરીના સત્તાવાળાઓએ કલેક્ટર તથા જિલ્લા પોલીસવડાની મુલાકાત લઈને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સહકાર આપવા કરેલી માંગણી બાદ શનિવારે કલેક્ટરે જાહેરનામુ બહાર પાડીને સાબરડેરી તરફ આવતા તમામ રસ્તાઓને બંધ રાખવાનો નિર્ણય લીધો છે. જેના કારણે રવિવારે સાબરડેરી કેમ્પસ પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. જેમાં ૧૦૫૦ પોલીસ જવાનોને બંદોબસ્ત માટે ગોઠવી દેવામાં આવ્યા છે.

આ અંગે જિલ્લા કલેક્ટરે બહાર પાડેલા જાહેરનામામાં જણાવાયા મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોને આ વર્ષે ભાવ ફેરની રકમ ખુબજ ઓછી ચુકવવામાં આવનાર છે ત્યારે અરવલ્લી જિલ્લાના કેટલાક તત્વો દૂધ ઉત્પાદકોને ગુમરાહ કરવાના આશયથી તથા સાબરડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને વધુ ભાવ ફેરની રકમ ચુકવવા માટે માંગણી કરતો વિડીયો તાજેતરમાં વાયરલ કરી રવિવારે સાબરડેરી સમક્ષ દેખાવો કરવાનું નક્કી કર્યું છે.

જે અંગે શુક્રવારે સાબરડેરીના સંચાલકોએ જિલ્લા પોલીસવડા તથા કલેક્ટરની મુલાકાત લઈને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે માંગ કરી હતી. જેથી જિલ્લા કલેક્ટરે શનિવારે ખાસ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. જેમાં જણાવાયા મુજબ રવિવારે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી સાબરડેરી વિસ્તારને પ્રતિબંધીત જાહેર કરાયો હોવાથી દિવસ દરમ્યાન તલોદથી સાબરડેરીથી હિંમતનગર આવતા તમામ વાહનો ગઢોડા પાટીયા થઈ હિંમતનગર મેડીકલ કોલેજ થઈ મોતીપુરા આવી શકશે.

કલેકટરે પ્રસિદ્ધ કરેલા જાહેરનામા બાદ શનિવારે જિલ્લા પોલીસવડા સૌરભસિંગે સાબરડેરીની મુલાકાત લઈને પરિસ્થિતિનો તથા તેને જોડતા રસ્તાઓ અંગે ડેરી સત્તાવાળાઓ પાસેથી જાણકારી મેળવી હતી. અને પોલીસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને વ્યુહરચનાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પુરતી તકેદારી રાખવામાં આવશે અને કોઈ શાંતિ ડહોળવાનો પ્રયાસ કરશે તો તેને સાંખી લેવામાં આવશે નહી અને કાયદેસરની કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

# માલપુર પંથકમાં ધોધમાર વરસાદ

## જાલમ ખાંટના મુવાડામાં વીજળી પડતા બળદનું મોત : અરવલ્લી જીલ્લામાં રાત્રે ગાજ્યા મેઘ ન વરસતા નિરાશા





માલપુર, તા. ૨૩
અરવલ્લી જીલ્લામાં જુન માસના છેલ્લા અઠવાડિયામાં પણ કાળઝાળ ગરમી પડી રહી છે. શુક્રવારે સાંજના સુમારે જીલ્લાના આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવતા વરસાદી માહોલ પેદા થયો હતો અને ગાજવીજ અને વીજળીના ચમકારા બાદ જીલ્લામાં ગાજ્યા મેઘ ન વરસતા પ્રજાજનો અને ભૂમિપુત્રોમાં ભારે નિરાશા વ્યાપી હતી. માલપુર પંથકમાં રાત્રીના સુમારે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. માલપુરના જાલમ ખાંટના મુવાડામાં ઘર આગળ બાંધેલા બળદ પર વીજળી પડતા મોત નિપજતા ખેડૂત પર આભ તૂટી પડ્યું હતુ.

અરવલ્લી જીલ્લાના સપ્તાહ દરમિયાન કાળા ડિબાંગ વાદળોની અવર-જવર સહીત વાતવરણમાં પલટા સાથે વરસાદી માહોલ જામવા છતાં મેઘરાજાની પધરામણી ન થતા લોકો આકુળવ્યાકુળ બન્યા છે. શુક્રવારે સાંજના સુમારે આકાશે કાળા ડિબાંગ વાદળોની જમાવટ પછી ગાજવીજ કડાકા અને વીજળીના ચમકારા થતા ધોધમાર વરસાદની આશા ઠગારી નીવડતા અમી છાંટણા થતા જિલ્લાવાસીઓ અને ખેડૂતો ચિંતિત બન્યા છે.

માલપુર પંથકમાં રાત્રીના સુમારે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતા વાતવરણમાં ઠંડક પ્રસરી હતી. માલપુરના જાલમ ખાંટના મુવાડા ગામના ભુરાજી પુંજાજી ખાંટના ઘર નજીક બાંધેલા બળદ પર આકાશી વીજળી પડતા બળદનું ઘટનાસ્થળે મોત નિપજતા ચોમાસાના પ્રારંભે ખેતી કરવાના સમયે જ બળદનું મોત નિપજતા ખેડૂત પરિવાર ભારે મુશ્કેલીમાં મુકાયો હતા.

## શિક્ષિત રાષ્ટ્રનું નિર્માણ એટલે-શાળા પ્રવેશોત્સવ ૨૦૧૮,

# મૂલ્યનિષ્ઠ સમાજનું ઘડતર શિક્ષકોના માધ્યમથી થાય છે

મહેસાણા, તા. ૨૩
મહેસાણા જિલ્લાના વિજાપુર શહેરની ઝવેરી હાઈસ્કૂલમાં નાયબ મુખ્યમંત્રીએ આંગણવાડી, પ્રાથમિક શાળા, વિતરણ કર્યું હતું. આ ઉપરાંત વિધાલક્ષ્મી બોન્ડ, વિધાર્થીનીઓને આપવામાં આવ્યા હતા. વિજાપુરના અગ્રણી રાજુભાઈ પટેલ દ્વારા કન્યા કેળવણી નિધિમાં રૂ. વડીલોનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત સર્ગભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નિતીનભાઈ પટેલે જણાવ્યું



ધોરણ-૬ અને ધોરણ ૯ના બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. ઝવેરી હાઈસ્કૂલ, આશ ગર્લ્સ હાઈસ્કુલ, વિજાપુર પ્રાથમિક શાળા નંબર ૨ અને ૪ના આંગણવાડી, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના બાળકોનો પ્રવેશ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે થયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય મંત્રીએ સરસ્વતી સાધન સહાય યોજના હેઠળ સાયકલનું ૨૫,૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.નાયબ મુખ્યમંત્રીએ ટ્રાન્સપોર્ટેશન વાહનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી દ્વારા આ પ્રસંગે દાતાઓ, તેજસ્વી વિર્ધાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનીત તમામ બાળકોને નાયબ મુખ્યમંત્રીએ શાલ ઓઢાડી સન્માનીત કર્યા હતા. નાયબ મુખ્યમંત્રી દ્વારા વયોવૃધ્ધ

હતુંકે શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી છેલ્લા વર્ષોથી ચાલે છે જેના સુંદર પરિણામ આપણને જોવા મળ્યા છે. બાળકો પોતાના જીવનમાં વિકાસની દિશાએ આગળ વધે તે જોવાનું કામ સમાજનું છે. પરિવાર બાળકને જન્મ આપે છે. પરિવારના વ્યવહારથી બાળકને સંસ્કાર મળે છે.

## શ્લોક ફાઉન્ડેશન ગોતા દ્વારા પ્રવેશોત્સવ યોજાયો

ખેડબ્રહ્મા તાલુકાની તાલુકા શાળા નં ૨, માતાજી કંપા, પ્રજાપ્રતિવાસ, નવા મારવાડા પ્રા. શાળાના બાળકોને શ્લોક ફાઉન્ડેશન ગોતા દ્વારા ધોરણ -૧મા પ્રવેશ મેળવેલ બાળકોને પ્રવેશ કીટ અને ધોરણ ૧ થી ૭ના તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. અનિલભાઈ જાની મે. ટ્રસ્ટી, શ્લોક ફાઉન્ડેશન-ગોતાના અને કંદર્પકુમાર એન. જોષી બી.આર.પી., એસ.એસ. આગામી દિવસોમાં વધુ બાળકોને વિવિધ પ્રકારની જરૂરીયાતને બાળકો સુધી પહોચાડવા વધુમાં વધુ કીટ આપી સહયોગ આપવા જણાવ્યું હતું.

## ખેડબ્રહ્મા શહેરી વિસ્તારમાં બાળકોને પ્રવેશ

શ્રી કે.ટી.જયોતિ હાઈસ્કૂલમાં યોજાયેલી શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવમા વિવિધ આંગણવાડી અને શાળાઓના બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરી. આ ઉપરાંત ધોરણ ૯મા બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ અને સાયકલ વિતરણ કરવામાં આવી હતી.




## મહેસાણા જિલ્લામાં શહેરીકક્ષાના શાળા પ્રવેશોત્સવ


મહેસાણા જિલ્લામાં શહેરીકક્ષાના શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો હતો. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે મોહંમદઅલી કાદરી અધ્યક્ષ ગુજરાત રાજ્ય હજસમિતિ જે.એમ. ચૌધરી સાર્વજનિક વિધાલય અને શ્રી વી.આર.કર્વે પ્રોગેસીવ હાઈસ્કુલ મહેસાણા ખાતે ઉપસ્થિત રહી નામાંકનપાત્ર બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. આ ઉપરાંત દીપલ હડીયલ ઉપસચિવ સામાજિક ન્યાયય અધિકારીતા અને શ્રી બી.વી ડામોર ઉપસચિવ પંચાયત ગ્રામગૃહનિર્માણ ઉંઝા શહેરની શાળાઓમાં ઉપસ્થિત રહી પ્રવેશ કરાવ્યો હતો. આજે ૨૩ જુનને શનિવારના રોજ સવારે ૯ કલાકે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ ઝવેરી હાઈસ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે.

## મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીકથી વર્ના કારમાંથી વિદેશી દારૂ પકડ્યો

અમદાવાદ-રતનપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલી રાજેન્દ્ર ચોકડી નજીકથી મોડાસા રૂરલ પોલીસે રાજસ્થાન તરફથી આવતી વર્ના કારને અટકાવી કારને અટકાવી તલાશી લેતા કાર (ગાડી. નં- જીજે. ૦૧. કેક્યુ.૯૨૫૮)માંથી ગેરકાયદેસર વગર પાસપરમિટની વિદેશી દારૂની બોટલ નંગ-૪૪ રૂ. ૨૫૮૦૦ તથા કારની કિંમત રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ રૂ. ૫૨૫૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કારચાલક વિશાલ ચંદ્રશેખર સોની (રહે.રાણીછાની રોડ, ખેરવાડા)ને ઝડપી પાડી વિદેશી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ શખ્સ નરેન્દ્ર સોની (રહે, રાણીછાની રોડ, ખેરવાડા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## આંત્રોલીમાં પાણીના હોજમાંથી યુવકનો મૃતદેહ મળતા ચકચાર

પાલનપુર તાલુકાના આંત્રોલી ગામ ની સીમમાં આવેલા પાણીના હોજમાંથી ગામના ૨૦ વર્ષિય યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે.



પાલનપુર તાલુકાના આંત્રોલી ગામના ૨૦ વર્ષીય દિલીપસિંહ અંતરસિંહ ચૌહાણ ગુરુવારે રાત્રે ઘરે ન આવતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. જેની સગા સબંધીઓને ત્યાં શોધખોળ કરી હતી. પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો.

દરમિયાન શુક્રવારે વહેલી સવારે ગામના પાદરે આવેલા હવાડામાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યાં ગ્રામજનોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. આ અંગે પોલીસને જાણ કરાતા ઘટના સ્થળે પહોંચેલી પોલીસે મૃતદેહને પીએમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો.

## બ્રહ્માકુમારીઝ નડિયાદ દ્વારા આયોજીત યોગ અને નેચરોપથી શિબિર આંતરરાષ્ટ્રિય યોગ દિવસે સંપન્ન

નડીયાદ, તા. ૨૩
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, નડિયાદ દ્વારા તા.૧ જૂનથી આરંભાયેલ યોગ અને નેચરોપથી શિબિર તા. ૨૧ જૂન આંતરરાષ્ટ્રિય યોગ દિવસે ભવ્યાતિભવ્ય ઉજવણી સાથે સંપન્ન થઈ. આ ૨૧ દિવસીય શિબિરમાં સંગીત સાથે યોગાસનો, પ્રાણાયામ અને વિવિધ મુદ્રાઓના અભ્યાસ સહિત રાજયોગ મેડીટેશન અભ્યાસ અને આત્મિક અનુભૂતિએ ખેડા જિલ્લાની પ્રજામાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

નડિયાદ સી.જે. ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતાં રાજયોગીની બી.કે. પૂર્ણિમાબહેને જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વને યોગમય બનાવવા ભારતે નેતૃત્ત્વ લીધુ છે. ભારત પ્રભુની જન્મભૂમિ છે. ભારત દ્વારા નિર્મિત યોગાસન, પ્રાણાયામ સહિત રાજયોગ જ વ્યક્તિના તન-મનની તંદુરસ્તી અને આત્માની શાંતિ અનુભૂતિનું શ્રેષ્ઠ માધ્યમ છે. નડિયાદ શહેરને યોગમય બનાવવાની સેવા પ્રદાન કરનાર યોગાચાર્યોનું બ્રહ્માકુમારીઝ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. બી.કે. ચેતનાબહેન, બી.કે. પ્રફુલ્લભાઈ સહિત સમગ્ર બ્રહ્માકુમારીઝ ટીમે યોગ અને નેચરોપથી શિબિર તથા આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણીને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સમારોહમાં અધિક કલેક્ટર રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલ અને મણીબેન પી.એમ. શાહ ઉ.મા. દ્વારા અટલ ટીંકરીંગ લેબનું ઉદ્ઘાટન

શ્રી કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલ અને શ્રીમતી મણીબેન બી.એમ.શાહ ઉ.મા. દ્વારા અટલ ટીંકરીંગ લેબનું ઉદ્ઘાટન કરતા કલેક્ટરે જણાવ્યું હતું કે નીતિ અંતર્ગત ગુજરાતમાં ૨૫૦ લેબ અને અરવલ્લી જિલ્લામાં કુલ-૬ અટલ લેબ હાલમાં કાર્યરત છે. ભારતમાં ભવિષ્યમાં આશરે ૧૩૦૦૦ અટલ લેબ સ્થપાશે જેમાં કોમ્પ્યુટરયુગ તરફ લઈ જવા માંગે છે. વિદ્યાર્થીઓ વધુમાં વધુ કોમ્પ્યુટરનો ઉપયોગ કરે અને સારામાં સારૂ શિક્ષણ મેળવીને અરવલ્લી જિલ્લાને વિકાસશીલ



આયોગ દ્વારા ભારત સરકારના અટલ ટીંકરીંગ લેબ સ્થાપવામાં આવી છે. જેમાં ગ્રામીણ ભારતના પ્રતિભાશાળી બાળકોના નવીન વિચારોને જરૂરી પ્લેટફોર્મ અને પર્યાવરણ પુરૂ પાડી વિશ્વ ફલક પર લઈ જવા એ તેનો મુખ્ય હેતુ છે. ભારતમાં આશરે ૧૫૦૦ અટલ લેબ સ્થાપવામાં આવી છે. તે સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને ગણિતના વિષયો સાથે કામગીરી કરવાની હોય છે. તેનો મુખ્ય હેતુ બાળ પ્રતીભાવોની જિજ્ઞાસાવૃત્તિ સર્જનાત્મકતા અને કલ્પના શક્તિનો યોગ્ય વિકાસ કરીને તેમને વિશ્વ ફલક પર લઈ જવાનો છે.

વડાપ્રધાન હાલમાં ભારતને બનાવે તેવુ તેમણે જણાવ્યુ હતુ. હાલમાં આર્મીમાં સૌથી વધારે અરવલ્લી જિલ્લો તેમજ સાબરકાંઠા જિલ્લો સૌથી વધારે નોકરી મેળવેલ છે. નર્સીંગમાં પણ અરવલ્લી જિલ્લો તેમજ સાબરકાંઠા જિલ્લો સૌથી વધારે નોકરી મેળવેલ છે. નર્સીંગમાં પણ અરવલ્લી જિલ્લો તેમજ સાબરકાંઠા જિલ્લો મોખરે છે.




અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના નાનીબા હાઈસ્કૂલમાં આજ રોજ પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત રાજ્યના હાથશાળ અને હસ્તકલા વિકાસના ચેરમેન શંકરભાઈ દલવાડી દ્વારા નાના બાળકોનો આજરોજ નાનીબા હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવામાં આવ્યો હતો. જેમાં દરેક બાળકોને અભ્યાસની કીટ હસ્તકલા વિકાસના ચેરમેનના હસ્તે આપવામાં આવી હતી.